**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

**પ્રશ્નપત્ર - ૨**

**(સમય : બપોરે ૨ થી ૫)** **રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

### વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨, ૪ (૧૨૪) ૨. ૩ (૧૨૮) ૩. ૪ (૧૮)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કઈ વિદ્યાને પોતાની વિભૂતિ કહી છે ? (૯)

જ. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને 'અધ્યાત્મવિદ્યાને પોતાની વિભૂતિ કહી છે.'

૨. વચનામૃતનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય કયો છે ? (૧૩-૧૪)

જ. વચનામૃતનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો ભગવાન એટલે કે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ છે, કે જે સાધ્ય (ઉપેય-પ્રાપ્ય) પણ છે અને સાધન (ઉપાય) પણ એ જ છે.

૩. શ્રીપુરમાં નીલકંઠવર્ણીએ કયા પ્રલોભનનો ત્યાગ કર્યો ? (૩૦)

જ. શ્રીપુરમાં નીલકંઠવર્ણીએ વાર્ષિક એક લાખ રૂપિયાની આવકવાળા મઠની મહંતાઈના પ્રલોભનનો ત્યાગ કર્યો.

૪. સ્વામીની વાતો પ્રમાણે 'સત્સંગ' એટલે શું ? (૧૨૧)

જ. સત્સંગ તે શું જે, મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે.

૫. વચનામૃત સંપાદક પરમહંસોના નામ લખો. ? (૫૦)

જ. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી. (શુકમુનિ)

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. (૮૦)

**જ. ('વાતો'ની મહત્તા વિશે સ્વામીએ ઉચ્ચારેલાં વચનો ) : આ વાતો સાંભળવાનું મૂલ્ય**

૨. અમે ને મોટા સાધુ તમારા પક્ષમાં છીએ તે અમે મદદ કરશું એટલે જિતાશે. (૧૪૫)

**જ. 'સ્વામીની વાતો'માં બળપ્રેરક ઉપદેશ**

૩. મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે. (૧૧૭)

**જ. ('સ્વામીની વાતો' એટલે 'વચનામૃત' નું ઉત્તમ ભાષ્ય : ) અનેક વચનામૃતોના સારરૂપે કરેલી વાતો**

૪. 'ચારે માસ ચોમાસાના જેહ, કરું ધારણાં પારણાં હું તેહ.' (૨૯)

**જ. શ્રીજીમહારાજનું દિવ્ય વ્યકિતત્વ : તીવ્ર તપસ્યા અને દેહનો અનાદર**

૫. 'નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે.' ( ૧૩૮)

**જ. (વાતોમાં સાધનાનું સ્પષ્ટ શબ્દચિત્ર) : મનુષ્યભાવ કે અભાવ-અવગુણની કચાશ**

**નોંધ : કૌંસમાં આપેલ મુદ્દો પરીક્ષાર્થીએ ન લખ્યો હોય તો પણ ગુણ આપવો.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. અન્ય વાતો કરતાં 'સ્વામીની વાતો'ની વિલક્ષણતા (**અનુક્રમણિકા : ૧૨**)

જ. (૧) વિષયવસ્તુની દૃષ્ટિએ વિલક્ષણતા (૨) વાતોમાં દૃષ્ટાંત શૈલીની વિલક્ષણતા

૨. 'સ્વામીની વાતો'માં સાધનાનું સ્પષ્ટ શબ્દચિત્ર (**અનુક્રમણિકા : ૧૨**)

જ. (૧) ધ્યેયની સ્પષ્ટતા (૨) સાધનોનું ન્યૂનાધિક મહત્ત્વ (૩) સાધનામાં એકડો (૪) સાધનામાં સત્પુરુષનું પ્રાધાન્ય (૫) સાધનામાં રહી જતી કચાશ (૬) આંતરિક સાધના માટેની જાગૃતિ (૭) સાધનામાં આવતા વિઘ્નોની સ્પષ્ટતા (૮) સાધનાલક્ષી પ્રશ્નોના ઉત્તરો (૯) સાધના વિષયક સૂત્રાત્મક ઉપદેશ. (**નોંધ : ચાર મુદ્દા લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**)

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. શ્રીજીમહારાજનો જીવોના કલ્યાણાર્થે શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ (૪૩)**

જ. શ્રીજીમહારાજને પોતાના આશ્રિતોના કલ્યાણની ચિંતા હતી. તેથી જ તો તેમણે પોતાના આશ્રિતોને શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ રાખ્યો છે. તેમણે વચનામૃતમાં વારંવાર ઇન્દ્રિયો-અંતઃકરણને નિયમમાં રાખવાનો, પંચવર્તમાન દૃઢપણે પાળવાનો ઉપદેશ આપ્યો છે. કેટલાક સંદર્ભો વાંચીએ : **પ્ર. ૮** - ''જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે, માટે શાસ્ત્રમાં જે રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ.'' **પ્ર. ૧૮** - ''પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારુ એ પંચ ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે. અને પંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે..... આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું. અને જો એમ નહિ રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો. અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો.... અમારા વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહીશું તે તો નારદ-સનકાદિક જેવા હોય તેથી પણ રહેવાય નહિ તો બીજાની શી વાર્તા કહેવી ? અને અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને કોટિ કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી, માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થશે.'' **મ. ૩૫** - ''જો તમે સર્વે આ અમે વાત કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય, તો એક એક આવીને મારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો જે, 'અમારે દૃઢપણે એમ જ વર્તવું છે.'' **જે. ૩** - ''હે સંતો ! નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો નહિ. અતિ કુશળ રહેવું.'' **જે. ૫** - ''અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે. તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીત કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહાદુઃખ પામશો. તેમાં અમારે લેણાંદેણાં નથી.' ઉપરોક્ત વચનોમાં પોતાના આશ્રિતો નિયમભ્રષ્ટ થઈને પોતાનું કલ્યાણ ન બગાડે એ માટે મહારાજે કરેલ ચિંતા અને ખેવનાનાં દર્શન થાય છે. ક્યારેક કોઈક સંત-હરિભક્ત ભગવાનનાં મહિમા, જ્ઞાન અને આશ્રયના ઓથે નિયમ-ધર્મ લોપે, પાપ કરે તો તેને મહારાજ આકરા વેણ કહીને પણ જાગ્રત કરે છે. જેમ કે, **પ્ર. ૭૭** - ''જ્ઞાનને ઓથે ધર્મને ખોટા કરે તે અસુર જાણવો.... પંચવર્તમાન રૂપ જે ધર્મ તેને મૂકીને

જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે અને એવી ધર્મભંગ જે વાત કરે તેને વિમુખ કહેવો.'' **મ. ૩૫** - ''ભગવાનની મૂર્તિનો આશ્રય હોય.. ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઈચ્છે એવો જાણવો ને તેને ચંડાળ જેવો જાણવો.'' **અં. ૩૨** - ''માહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે.'' આમ, મહારાજે જીવોના કલ્યાણાર્થે જ એમને શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ વારંવાર રાખ્યો છે. **અથવા**

**૨. વચનામૃત ગ્રંથનું સ્વરૂપ (૧૨-૧૩)**

જ. ગુજરાતી ભાષાની ગદ્યશૈલીમાં લખાયેલા વચનામૃત ગ્રંથની રચના ભગવાન સ્વામિનારાયણે નથી કરી અર્થાત્ એમણે સ્વહસ્તે લખેલો આ ગ્રંથ નથી. તેઓ આ ગ્રંથના લેખક નથી, પરંતુ ઉદ્‌બોધક છે. તેમણે ગુજરાતનાં જુદાં જુદાં શહેરો અને ગામડાઓમાં પોતાના આશ્રિત સંતો-ભક્તોને જે ઉપદેશ આપેલો, તેમાંથી અમુક ઉપદેશોનું સંપાદન આ ગ્રંથમાં છે. તેઓ ગુજરાતમાં ૩૦ વર્ષ (આષાઢી સંવત ૧૮૫૬થી આષાઢી સંવત ૧૮૮૬ અર્થાત્ ઈ.સ. ૧૮૦૦ થી ઈ.સ. ૧૮૩૦ સુધી) રહ્યા. તે દરમ્યાન તેમણે આપેલા બધા જ ઉપદેશોનું નહિ, પરંતુ અંતિમ ૧૦ વર્ષ (આષાઢી સંવત ૧૮૭૬થી આષાઢી સંવત ૧૮૮૬ અર્થાત્ ઈ.સ. ૧૮૧૯થી ઈ.સ. ૧૮૩૦) દરમ્યાન આપેલા ઉપદેશોમાંથી પણ ફક્ત ૨૭૩ ઉપદેશોનું સંપાદન આ ગ્રંથમાં કરાયેલું છે. પ્રકરણ પ્રમાણે વચનામૃતોની સંખ્યા આ પ્રમાણે છે : ગઢડા પ્રથમ પ્રકરણનાં - ૭૮, સારંગપુર પ્રકરણનાં - ૧૮, કારિયાણી પ્રકરણનાં - ૧૨, લોયા પ્રકરણનાં - ૧૮, પંચાળા પ્રકરણનાં - ૦૭, ગઢડા મધ્ય પ્રકરણનાં - ૬૭, વડતાલ પ્રકરણનાં - ૨૦, અમદાવાદ પ્રકરણનાં - ૦૩, ગઢડા અંત્ય પ્રકરણનાં - ૩૯, અમદાવાદ દેશના વધારાનાં - ૧૧ આ રીતે જુદાં જુદાં સ્થળે ઉપદેશેલાં કુલ ૨૭૩ વચનામૃત આ ગ્રંથમાં છે. દરેક વચનામૃતનું શીર્ષક તે ઉપદેશામૃતના મુખ્ય સારભૂત વિષયનો નિર્દેશ કરે છે. દરેક વચનામૃતની શરૂઆતના પરિચ્છેદમાં ઐતિહાસિક પ્રમાણભૂતતાના પુરાવા રૂપે જે તે ઉપદેશનાં ગામ, સ્થાન, વર્ષ, માસ, તિથિ અને સમયનો સંક્ષિપ્ત ઉલ્લેખ છે. વળી, વચનામૃત વાંચનાર કે સાંભળનારનું મન સ્થિર અને એકાગ્ર થાય એવા હેતુથી વસ્ત્રાલંકારે સહિત શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. દરેક વચનામૃતમાં આ પ્રથમ પરિચ્છેદ પછી મુખ્ય ઉપદેશ શરૂ થાય છે. કેટલાંક વચનામૃતોમાં શ્રીજીમહારાજે સ્વતઃ જ કોઈક વિષય ઉપર વાતો કરવાની શરૂઆત કરી છે, તો કેટલાંક વચનામૃતોમાં તેમણે પ્રશ્નો પૂછીને પછી તેમણે પોતે જ ઉત્તર આપેલા છે. ક્યારેક સંતો-ભક્તોના પ્રશ્નોના ઉત્તર રૂપે પણ તેઓ ઉપદેશ આપે છે. ક્યારેક સંતો-ભક્તો પરસ્પર પ્રશ્નોત્તર કરે છે, તો ક્યારેક તેઓ શ્રીજીમહારાજ સાથે પ્રશ્નોત્તર અને વાર્તાલાપ કરે છે. આ રીતે જુદી જુદી શૈલીથી ગહન ઉપદેશ વચનામૃતમાં સહજતા અને સરળતાથી અપાયો છે.

**૩. ગુણાતીતાનંદ સ્વામીએ ઉદ્‌બોધેલી આંતરિક સાધના માટેની જાગૃતિ (૧૩૮-૧૪૦)**

જ. ક્યારેક સાધક સ્થૂળ દેહે કરીને સાધના કર્યા કરતો હોય, પરંતુ સ્થૂળ સાધનાની સાથે સાથે આંતરિક સૂક્ષ્મ સાધના પ્રત્યે એની એટલી જાગૃતિ ન હોય, તોપણ તેને પ્રાપ્તિ અને સ્થિતિમાં ઘણી ખોટ રહી જાય છે. સ્થૂળ સાધના કરતાં આંતરિક સૂક્ષ્મ સાધનાનું મહત્ત્વ વધુ છે. તેથી જ તો સ્વામીએ અનેક વાતોમાં આંતરિક સાધના માટે જાગ્રત રહેવાની ઘણી વાતો કરી છે. જેમકે, ''ભક્તિએ કરીને મહારાજ રાજી થાય છે, ને એની આજ્ઞા છે એટલા સારુ કરીએ છીએ, પણ એ સ્થૂળ મારગ છે. માટે આ ને આ દેહે ભક્તિ પણ કરતા જાવું, ને તે કરતાં થકાં અનુવૃત્તિ આત્માને વિશે રાખ્યે જાવી, અને આત્મનિષ્ઠા જેવી કોઈ વાત નથી, ને મનન દ્વારાયે, 'હું અક્ષર છું ને પુરુષોત્તમ મારે વિષે બેઠા છે' એમ કરતા જાવું, એમ ઘણા ઠેકાણે મહારાજે કહ્યું છે. એ સૂક્ષ્મ ભક્તિ છે, તેણે કરીને આત્યંતિક મોક્ષને પામશે. પણ મોર્યે કહી જે ભક્તિ તે રૂપ સ્થૂળ મારગ તેણે કરીને આત્યંતિકી યત્ર ન મૃત્યુહાસઃ। એવી મુક્તિ ન થાય અને એવી ભક્તિ તો ચાર માણસ કરે એટલી પોતે એકલો માને કરીને કરે, તે સેવા કરે, પાણા ઉપાડે, રોટલા કરે, એ સર્વે ભક્તિમાં માન મળે છે તેણે કરીને થાય છે ને કરે છે, પણ એણે કરીને સિદ્ધિ ન થાય. 'કિયાં બાળપણની રમત, કિયાં પામવો સિધુનો મત.' માટે જે'દી તે'દી આ વાત કરશે ત્યારે છૂટકો છે.'' (સ્વા.વા. ૬/૪૨) ''દેહે કરીને ક્રિયા કરતો હોય ને પોતાનું રૂપ જુદું સમજીને ભજન કરતો હોય તો બહુ સમાસ થાય પણ ક્રિયારૂપ થઈને તેમાં ભળી જાય તો ઠીક નહિ.'' (સ્વા.વા. ૧/૧૩) ''નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વળીને જોવું જે આ કરવાનું છે ને હું શું કરવાને આવ્યો છું ને શું થાય છે ? (સ્વા.વા. ૪/૧૦૬) નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.'' (સ્વા.વા. ૨/૩૫) ''ભક્તિ જે મંદિરની ક્રિયા, તેનું પ્રધાનપણું અંતરમાં રહે છે ને તેના સંકલ્પ જેમ થાય છે, તેમ ભગવાનનું પ્રધાનપણું ને તેના સંકલ્પ નથી થાતા ને જ્ઞાનના, ઉપાસનનાના ને

ભગવાનમાં હેત કરવાના પણ નથી થાતા તે કરવા.'' (સ્વા.વા. ૨/૮૫) ''ક્રિયાનું પ્રધાનપણું થઈ ગયું છે તેથી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, મહિમા અને ઉપાસના તેની વાત કરે છે કોણ ને સાંભળે છે કોણ ? પણ કથાવાર્તા કરતાં કરતાં થાય તે કરવું, ને તે કરતાં થયું તે થયું ને બાકી ન થાય તે રહ્યું, પણ મુખ્ય તો એ જ કરવું ને બાકી તો ફેર ચડી જાય છે.'' (સ્વા.વા. ૨/૧૭૪) ''વ્યવહાર માર્ગ તો કાંઈ કઠણ જ નથી, એ તો સૌને આવડે, પણ જ્ઞાનમાર્ગ સમજવો ને એ માર્ગે ચાલવું, એ જ કઠણ છે.'' (સ્વા.વા. ૨/૧૦૨) ''કેટલાક રસોઈ કરે છે, પાણી ભરે છે, ને કેટલાક લખે છે, ભણે છે ને કેટલાક ખડ વાઢવા જાય છે, ને કેટલાક ઢોર ચારવા જાય છે, ઈત્યાદિક ક્રિયાઓ કરે છે. તે તો એમ જાણવું જે, એ સર્વે દેહનો વ્યવહાર છે તે કર્યું જોઈએ, પણ કરવાનું તો બીજું છે. તે શું જે, મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી, ઉપાસના ને જ્ઞાન શીખવું, સત્સંગ-કુસંગ ઓળખવો, ને સત્સંગમાં રહેવાય એવો દૃઢ પાયો કરવો, ઈત્યાદિક કરવાનું છે તે કરવું. અને મનુષ્યને જે જે ક્રિયા કરવાનું કહીએ તે તે કરવાને સૌ તૈયાર છે, પણ જે કરવાનું છે તે કહીએ તો તેમાં અટકે છે, પણ જ્ઞાન વિના સર્વે કાચું છે.'' (સ્વા.વા. ૨/૨૨) ''એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી, માટે બે ઘડી વૃત્તિ પાછી વાળીને ભગવાનને સંભારવા, ને ધ્યાન ન થાય તો ભજન કરવું, પણ રસોઈ કરીને જમવું નહિ, તે શા કામનું ? એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થવાના નથી. ને એ તો ભગવાન સંભારશું ત્યારે થાશે અને ભગવાનને સંભારવા માંડે તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય, પણ એ માર્ગે તો ચાલે નહિ, ત્યારે તેના ઉપર શેની દૃષ્ટિ થાય ? માટે એ તો ભગવાનનો વિશ્વાસ રાખીને મંડવું.'' (સ્વા.વા. ૨/૧૨) ''લખવું, ભણવું તે તો ઠીક છે, ને ભક્તિનું કાંઈ સરું આવતું નથી, પણ નિયમ રાખી બબ્બે ઘડી આત્મા-અનાત્માનો વિવેક કરવા માંડે, ને બબ્બે ઘડી રટણ કરે, ને બબ્બે ઘડી વૃત્તિઓ રૂંધીને બંધ કરે, ને બબ્બે ઘડી ભક્તિ કરે, તો એમ જણાય જે, જીવ વૃદ્ધિ પામે છે તો ખરો, ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે.'' (સ્વા.વા. ૨/૪૦) ''ભગવાનમાં મન રાખે એવા થોડા, બાકી તો આખા મંદિરનો વહેવાર ચલાવે એવા પણ ખરા, ને કદાપિ ભગવાનમાં મન ન રહે તોપણ નિરંતર કથાવાર્તા કરવી ને તે કથાવાર્તામાં મન રાખવું. તે પણ નિરંતર એવો સંગ જોઈએ. નીકર તો એવું ન થાય, તે સારુ ક્રિયા પ્રવર્તાવી છે, તે જે કરે તેમાં ભગવાનનો સંબંધ, એ પણ માર્ગ છે, બાકી સિદ્ધાંત તો ભગવાનમાં મન રાખવું એ કરવાનું છે. તે તો મરણિયો થાય ત્યારે એ વાત થાય છે.'' (સ્વા.વા. ૨/૧૩૮) ઉપરોક્ત વાતોમાં સ્વામી સ્પષ્ટપણે જણાવે છે કે સાધકે શું કરવાનું છે. સાધક કોઈ રવાડે ચડી ન જાય તે માટે આવી તો અનેક વાતોમાં સ્વામીએ સાધકને સાવચેત કરેલાં છે. **અથવા**

**૪. ગુણાતીતાનંદ સ્વામીની શ્રીજીમહારાજને સમ્યક્પણે ધારી રાખવાની પાત્રતા (૯૬-૯૮)**

જ. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનો ફક્ત સાક્ષાત્કાર જ હતો એમ નથી, પરંતુ એમણે મહારાજને અખંડ ધારી રાખ્યા હતા. તેઓ મહારાજને પૃથ્વી પર અખંડ અને સમ્યક્પણે પ્રગટ રહેવાનું પાત્ર હતા. પોતાનામાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ જ રહ્યા છે, એવી એમણે ઘણી વાર પ્રસંગોપાત્ત વાત કરી છે જેમ કે, એક વાર જૂનાગઢમાં બાલમુકુંદ સ્વામી તથા કોઠારી ત્રિકમદાસને પોતાનું સ્વરૂપ સમજાવતાં સ્વામીએ કહ્યું, ''તમને તો પ્રગટ ભગવાન સાક્ષાત્ મળ્યા છે. માટે હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે, તેમ અમારામાં મહારાજ સાક્ષાત્ રહ્યા છે. તે તમારી તરફ દૃષ્ટિ માંડીને જુએ છે, તમારે માથે હાથ મૂકે છે, તમને મળે છે, એમ સાક્ષાત્ સુખ આપે છે. માટે ત્રિકમદાસ ! એટલું સમજજો કે આ આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે. પણ છે તો સાક્ષાત્ મહારાજ. પણ તમે મહારાજના પ્રગટ સ્વરૂપને ઓળખી શકતા નથી. એક દિવસ જાગા ભક્ત ઉદાસીનતાના ભાવથી સ્વામીશ્રીને કહે, 'સ્વામી ! પાછોતરો દેહ આવ્યો તેથી શ્રીજીમહારાજનાં દર્શન અને સંબંધ થયાં નહિ.'' તે સાંભળી સ્વામીશ્રી કહે, ''શ્રીજીમહારાજનો આકાર તમને દેખાતો નથી, પણ એક રોમનોય ફેર નથી. એ નક્કી જાણજો.'' આમ, શ્રીજીમહારાજ પોતાના દ્વારા અખંડ પ્રગટ છે, તેવી સ્વામીશ્રીની વાત સાંભળી જાગા ભક્તને અત્યંત આનંદ થયો. સ્વામીશ્રીએ જૂનાગઢથી છેલ્લી વિદાય લીધી ત્યારે વંથળી જતાં બોલ્યાં, 'જ્યારે જ્યારે આ રસ્તે જઈએ ત્યારે મહારાજ સાંભરી આવે છે. કેમ જે, મહારાજ અને મોટા મોટા સાધુ આ મારગે બહુ ચાલ્યા છે.' તે સાંભળી કાશીરામે કહ્યું, 'સ્વામી ! જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને સાંભરે, પણ જેને દર્શન ન થયાં હોય તેને શું સાંભરે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંત દ્વારે પ્રત્યક્ષ જ છે. તે દર્શન દ્યે છે, વાતો કરે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે, એમ બહુ સુખ આપે છે, પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જણાય નહિ.'' વળી, સ્વામીશ્રી પોતાની વાતોમાં કહે છે : ''આ સાધુમાં તો ભગવાન રહ્યા છે.'' **(સ્વા.વા. ૫/૧૬૬)** ''અક્ષરધામમાં મહારાજ આમ ને આમ ઉત્તરાદે મુખારવિંદે બેઠા છે.'' એમ વાત કરીને પગના અંગૂઠાથી તે શિખા પર્યંત હાથની

આંગળીએ કરીને બતાવ્યું. **(સ્વા.વા. ૪/૯૧)** ''આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે, લગારે ફેર નથી. એમાં તેજ વધારે દેખાય છે એટલો જ ફેર છે.'' **(સ્વા.વા. ૫/૨૫૬)** ''આંહી તો સંત ભેગા પ્રગટ સહજાનંદ સ્વામી પોતે બિરાજે છે.'' **(સ્વા.વા. ૬/૨૨૪)** ઉપરોક્ત પ્રસંગો અને વાતો સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે ગુણાતીતાનંદ સ્વામીમાં ભગવાન સ્વામિનારાયણ સ્વયં સાક્ષાત્ પ્રગટ છે. આમ, વાતોના કરનારા ગુણાતીતાનંદ સ્વામી સામાન્ય સાધક નથી, સાધના કરીને કંઈક ભૂમિકા સિદ્ધ કરેલ કોઈ સિદ્ધ નથી, પરંતુ તેઓ તો પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને સમ્યક્‌પણે પ્રગટ રહેવાનું યથાર્થ પાત્ર છે. જોકે શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે તેઓ તો અનાદિ અક્ષરબ્રહ્મનો જ અવતાર છે. તેથી તેમણે કંઈ સાધના કરીને ભગવાનનો સાક્ષાત્કાર કર્યો નથી. તેઓ તો પરબ્રહ્મની જેમ જ અનાદિથી માયાપર છે. તેથી એ બંનેને નિત્ય નિકટનો સંબંધ છે. પરબ્રહ્મ એમનાથી અક્ષરધામમાં અને આ લોકમાં પણ ક્ષણમાત્ર અને અણુમાત્ર દૂર નથી. તેથી **વચ.પ્ર. ૨૭** પ્રમાણે એમની આંખો દ્વારા દૃષ્ટિ કરનારા, કાન દ્વારા સાંભળનારા, જીભ દ્વારા બોલનારા સાક્ષાત્ શ્રીજીમહારાજ જ છે. જૂનાગઢમાં એક પ્રસંગે સ્વામીએ પરભાવમાં આવી અલૌકિક વાતો કરી, ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું, ''સ્વામી, આજ તો ઘણી સમજવા જેવી વાતો કરી. આ વાતો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.'' સ્વામીશ્રીએ તરત જ કહ્યું, ''મહારાજ ! હું એકેય ધારતો નથી. એ તો માંહી રહીને શ્રીજીમહારાજ પંડે બોલે છે.'' એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા, ''હા સ્વામી ! એ તો પ્રત્યક્ષ દેખાય છે કે તમારે વિશે રહીને મહારાજ સદાય વાતું કરે છે.'' જેમના દ્વારા સ્વયં શ્રીજીમહારાજ સાક્ષાત્ બોલતા હોય, એમની વાતોની પ્રમાણભૂતતામાં શંકા અને કુતર્કને સ્થાન જ ક્યાંથી હોય ?

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. શ્રીજીમહારાજ : સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન (૨/૨૨-૨૪)**

જ. શ્રીજીમહારાજના દિવ્ય વ્યક્તિત્વમાં તેઓ સર્વોપરી સર્વાવતારના અવતારી અને અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ સર્વકારણના કારણ, સર્વકર્તાહર્તા, સર્વનિયંતા, સર્વકર્મફળપ્રદાતા અને સર્વમોક્ષપ્રદાતા છે. તેઓ મનુષ્ય રૂપે હોવા છતાં સર્વ ઐશ્વર્યસંપન્ન, સદૈવ માયાથી નિર્લેપ, નિર્દોષ અને દિવ્યમૂર્તિ છે. તેઓ પોતે જ પોતાના આ દિવ્ય વ્યક્તિત્વનો સ્પષ્ટ નિર્દેશ કરતાં વચ.અં.૩૮માં કહે છે, ''તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે મુક્ત પુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વે જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'' શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ જાણનારા અને સંપ્રદાયમાં યથાર્થ રીતે એનું પ્રવર્તન કરનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે. ''સર્વોપરી અને સર્વાવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા.'' (સ્વા.વા. ૨/૨) ''ઉપાસના ચોખ્ખી સમજવી જે, કોટાનકોટિ ભગવાનના અવતાર જે શ્રીકૃષ્ણ, રામચંદ્ર, વાસુદેવ, નરનારાયણ ઇત્યાદિક સર્વના કારણ મહારાજ છે.'' (સ્વા.વા. ૨/૧૭૧) ''આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી તે સર્વે જે અવતાર તેમના અવતારી ને સર્વેના કારણ ને નિયંતા છે, એમાં લેશમાત્ર ફેર નથી.'' (સ્વા.વા. ૬/૭) મહારાજ અને સ્વામીનાં આ વચનોથી દૃઢ પ્રતીતિ થાય છે કે શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. તેથી તેમનાં વચનો સૌથી વધારે પ્રમાણભૂત હોય તે સ્વાભાવિક છે. જે પ્રાપ્ય કે સાધ્ય છે, જેમને પામવાના છે, તેઓ પોતે જ પોતાનું સ્વરૂપ, પોતાનું તત્ત્વજ્ઞાન, પોતાને પામવાનો સાધનામાર્ગ અને ઉપાય જે કાંઈ બતાવે તે યથાર્થ અને સચોટ જ હોય. એમણે આપેલ અધ્યાત્મવિષયક માર્ગદર્શનોમાં લેશમાત્ર સંશય કે ક્ષતિ હોવાની શક્યતા જ ક્યાંથી હોય ? તેઓ ભગવાન હોવાથી સર્વજ્ઞપણું તેમને સહજ સિદ્ધ છે. ભગવાનના સર્વજ્ઞપણાની

વાત કરતાં મહારાજ વચ.મ.૫૩માં કહે છે, ‘‘એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિશે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર, તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે.’’ તેઓ પોતાના જ સર્વજ્ઞપણાનો સ્પષ્ટ નિર્દેશ કરતાં વચ.જે. ૫માં કહે છે, ‘‘હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિશે સર્વ ક્રિયાને જાણું છું અને આંહી બેઠા સત્તા પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિશે હતા તે દિવસે પણ જાણતા હતા અને ઉદરને વિશે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા.’’ તેથી સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વોપરી એવા શ્રીજીમહારાજે વચનામૃતોમાં જે કાંઈ વાત કરી છે, તે નિ:સંશયપણે પ્રમાણભૂત છે. આ રીતે આપણે શ્રીજીમહારાજના મુખ્ય પારલૌકિક વ્યક્તિત્વ તરીકે સમજ્યા કે તેઓ સર્વોપરી ભગવાન છે, પરંતુ મનુષ્યરૂપે વિચરતા ભગવાનનો આવો નિશ્ચય થવો સહેન નથી. યોગ્યતા વગર માનવીની તાર્કિક બુદ્ધિથી આ વાત જલદી સમજાય તેમ નથી. તેથી જ મહારાજ વચ.મ. ૧૩માં પોતાના સર્વોપરીપણાનો નિશ્ચય કરવાનો પ્રથમ નિર્દેશ કરીને કહે છે, ‘‘જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે,’ એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, ‘અક્ષરરૂપ જે તેજ તેને વિશે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે,’ એમ જાણશો તોપણ તમારે મારે વિશે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે.’’ શ્રીજીમહારાજ આ સંદર્ભમાં જીવોના કલ્યાણ માટે બે વાત કરે છે. જે લોકો મહારાજને સર્વોપરી પુરુષોત્તમ નારાયણ સમજી શકે, તેમના માટે તો પ્રથમ વાત ઉત્કૃષ્ટ છે, પરંતુ જે લોકો એમને સર્વોપરી ભગવાન તરીકે ન સ્વીકારી શકે, તેમનું પણ કંઈક શ્રેય થાય એ હેતુથી એમના માટે મહારાજ બીજી વાત કરે છે. જે લોકો શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન તરીકે માની કે સ્વીકારી ન શકે, તેમને પણ શ્રીજીમહારાજનાં વચનોમાં વિશ્વાસ આવે, એ માટે મહારાજના દિવ્ય અને અસાધારણ વ્યક્તિત્વનો વિચાર કરવો જરૂરી છે. શ્રીજીમહારાજ એક લોકોત્તર આધ્યાત્મિક પુરુષ છે. તેમને અધ્યાત્મ-સાધનાનો સંપૂર્ણ અનુભવ છે. તેમને આત્મા-પરમાત્માનો યથાર્થ સાક્ષાત્કાર છે. તેથી તેઓ આધ્યાત્મિક સર્વોચ્ચ તત્ત્વજ્ઞાન અને સુગમ સાધનાની સરળ વાતો કરવાની સંપૂર્ણ ક્ષમતા અને યોગ્યતા ધરાવે છે. જો કોઈ પણ મુમુક્ષુને શ્રીજીમહારાજના દિવ્ય વ્યક્તિત્વ વિશે આટલી પણ દૃઢતા થાય, તો એને મહારાજનાં વચનો સત્ય મનાય, એમનાં વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા જાગ્રત થાય.

**૨. ગુણાતીતાનંદ સ્વામીશ્રીના સ્પષ્ટવક્તાપણાનો નિર્દેશ કરતા પ્રસંગો**

| | | |
|---|---|---|
| ૧. | શિવલાલ શેઠને કરોડમણ ઢૂંસાની કમાણી કરવાનો સંકલ્પ થાય છે. | ૧૦૩ |
| ૨. | તારા જીવ સામું જોઉં છું ત્યાં તો અરધો જ સત્સંગ રહ્યો છે. - શિવલાલશેઠને. | ૧૦૩ |
| ૩. | તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કરોડગણું વધારે છે. - લોધિકાના દરબાર અભેસિંહને. | ૧૦૩ |
| ૪. | અક્ષરધામમાં તો મોટેરો હું છું - તે જો કંઈ ઉન્મત્તાઈ કરશો તો ત્યાં તડકે ઊભા રાખીશ. - ભગવદાનંદ સ્વામીને. | ૧૦૪ |
| ૫. | તમે ધર્મના આચાર્ય છો તે શુદ્ધ ધર્મ પ્રવર્તાવો. - વરતાલમાં બંને આચાર્યોને. | ૧૦૪ |
| ૬. | તમારા બાપ આંખે પાટા બંધાવીને ઘૂમટા કઢાવતા. તમે ઢોલ વગડાવીને સ્ત્રીઓ ભેગી કરી - સાધુઓને વચ્ચે ઉભા રાખો છો. - રઘુવીરજી મહારાજને. | ૧૦૪ |
| ૭. | ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ? - ઘનશ્યામદાસ સ્વામીને. | ૧૦૫ |
| ૮. | બે-ચાર બેલાં ઓછાં ઘડાય એનો વાંધો નહિ, પણ ભગવાનની સ્મૃતિ સહિત ક્રિયા કરવી. | ૧૦૫ |
| ૯. | અલ્યા, ગોબરો થઈને વાસણ ઊટકે છે ? - ભગતજી મહારાજને. | ૧૦૫ |

**વિભાગ : ૨ ‘શાસ્ત્રીજી મહારાજ’ વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે**

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની ભગતજી પ્રત્યેની ગુરુભક્તિ**

| | | |
|---|---|---|
| ૧. | ભગતજી મહારાજ અદ્‌ભૂત પુરુષ છે એવી પ્રથમ દર્શને છાપ પડી. | ૫૬ |
| ૨. | લો. ૧૨માં ભગતજી મહારાજે કરેલ નિરૂપણથી ઉપાસનાનું રહસ્ય સમજાઈ ગયું. | ૫૭-૫૮ |

૭૦૨

૩. પ્રાગજી ભક્તનો બ્રહ્મવિદ્યાના ગુરુ તરીકે મનોમન સ્વીકાર. ૫૯
૪. ટાંકુ અભડાવ્યાની વાત ખોટી છે.- ભગતજીના સાધુઓનો રાખેલો પક્ષ ૬૦
૫. માહાત્મ્યે સહિત ભગતજીનો નિશ્ચય - દર્શનથી આનંદ - જોડિયા સાધુ રામરતનદાસ તથા રામકૃષ્ણદાસને ભગતજી મહારાજ વિશે સદ્ભાવ કરાવીને અક્ષરપુરુષોત્તમની તત્ત્વે સહિત નિષ્ઠા કરાવી. ૬૯-૭૧
૬. ગુરુને રાજી કરવા ચરણારવિંદની જોડ આપી દીધી. ૭૬
૭. ભગતજી મહારાજના દર્શન માટે પાણીનું ભરેલું રણ (ચાર ગાઉનું) પાર ઉતરી ગયા. ૮૩
૮. મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા તુંબડીની ગુરુ માટે ભેટ મોકલી. ૯૯
૯. ગુરુને રાજી કરવા વરતાલની સભામાં માફી માંગી. ૧૦૧
૧૦. આ પ્રાગજી ભક્તમાં તમે શું દીઠું ૧૧૧
૧૧. મહુવામાં ભગતજીના એકાંતિકપણાનું નિરૂપણ. ૧૧૧-૧૧૪
૧૨. ગ.અં.૨૧ ભગતજી મહારાજનું જ છે તે વાત સમજાવી. રઘુવીરચરણદાસની શંકાનું સમાધાન કરી આપ્યું. ૧૧૭
૧૩. સૌને નિશ્ચય પોતાની વિદ્વતાથી કરાવ્યો - ભગતજીનું ગુણાષ્ટક. ૧૨૦
૧૪. શૂરવીર થઈને ગુરુની સિદ્ધ દશા સૌને સમજાવી દીધી. (ગ.અં.૧૧ મુજબ) ૧૧૮-૧૧૯
૧૫. રોટલા અને શાકોત્સવ ભગતજી દ્વારા સુખની લ્હાણ. - ગુરુને રાજી કરવા પરાણે અર્ધો રોટલો ખાધો. ૧૨૯-૧૩૨
૧૬. ભગતજીનું વાંકું બોલનારની ઈર્ષા ગ્રંથિ યજ્ઞપુરુષદાસજીએ ઓગાળી દીધી. ૧૪૬
૧૭. ભગતજી મહારાજનો ખૂબ મહિમા કહીને પોતાના વિદ્યાગુરુ રંગાચાર્યને તેમનાં દર્શનની લગની લગાડી. ૧૪૮
૧૮. ભગતજીની કલ્પવૃક્ષ સાથે તુલના - પિતાંબરદાસ પુરાણીને કહેલો ગુરુ મહિમા ૧૪૯-૧૫૦
૧૯. સને ૧૯૨૦માં ભગતજીને સાક્ષાત્કાર થયો ત્યાં સુધીનું ભગતજીનું જીવન ચરિત્ર લખી. મણિશંકરને આપી રોજ પાઠ કરવાનું કહ્યું ૧૫૦
૨૦. વાંસદાના દીવાનને ભગતજીનો યથાર્થ નિશ્ચય કરાવ્યો. ૧૫૪
૨૧. અમદાવાદના વૃધ્ધ સાધુ કૃષ્ણ સ્વરૂપદાસજીને ભગતજી એકાંતિક સત્પુરુષ છે તેવો મહિમા દૃઢ કરાવ્યો. ૧૫૮-૧૫૯
૨૨. મહેમદાવાદથી અમદાવાદ જતા ભક્તોને સ્ટેશન પર વળાવવા જાય. સાંજે ફરી સ્ટેશને જઈ ભગતજીના સમાચાર પૂછે. ત્યાંની વાતો સાંભળે - અપાર ગુરુ મહિમા. ૧૫૯-૧૬૦
૨૩. ભગતજીને સદ્ગુરુ તરીકે ઓળખાવીને અષ્ટક બનાવ્યું. ૧૬૧
૨૪. ગઢડામાં ભગતજીને જળઝીલણીના સમૈયે તેડાવવા ખૂબ દાખડો કર્યો. ૧૬૬
૨૫. જ્યાંથી વિમુખ કર્યા એ જ જૂનાગઢમાં ધામધૂમથી સન્માન કરાવ્યું અને સાચા ગુરુભક્ત તરીકે અને સાચા શિષ્ય તરીકે યજ્ઞપુરુષદાસજીએ પોતાની ભક્તિ અદા કરી. ૧૮૩-૧૮૫
૨૬. ભગતજીનું અપ્રતિમ સન્માન અને સ્વામીશ્રીનો અપૂર્વ દિગ્વિજય. ૧૮૫
૨૭. ભગતજી મહારાજના ધામમાં જવાથી યજ્ઞપુરુષદાસજીને અપાર શોક - ગુરુની છેલ્લી સેવા માટે ન જઈ શક્યા તેની ખૂબ બળતરા. ૧૯૦-૧૯૧

**૨. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સંબંધ**

૧. અદાની કથામાં શાસ્ત્રીજી મહારાજના પ્રસંગોની વાતોથી ઝીણા ભગતને દર્શનની તીવ્ર ઉત્સુકતા ૩૫૪
૨. પ્રથમ મિલન અને પ્રથમ દર્શનમાં જ પરસ્પર અર્થસૂચક ગંભીર વાતો દૃષ્ટિ માત્રે કરી લીધી. ૩૫૪
૩. જૂનાગઢ છોડી શાસ્ત્રીજી મહારાજના મંડળમાં સ્વામી જ્ઞાનજીવનદાસજી તથા બીજા સંતો. ૩૬૭-૩૬૮
૪. સંવત ૧૯૬૭ના બોચાસણમાં શ્રાવણી પૂનમના સમૈયામાં જૂનાગઢી સંતોનું આર્કષણ. ૩૭૦-૩૭૨
૫. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો ને તેઓ કહે તેમ કરજો. અદાશ્રીના યોગીજી મહારાજના આશીર્વાદ૩૯૧-૩૯૨
૬. ગાનામાં આમ્ર ઉત્સવ પ્રસંગે - શાસ્ત્રીજી મહારાજ 'જ્ઞાનજી સ્વામીનું જીવન' ૪૩૭-૪૩૮
૭. મોજીદડમાં સ્વામીશ્રીની છાયા હોય તેમ ફરતા. ૪૪૦-૪૪૧
૮. શાસ્ત્રીજી મહારાજ વારંવાર સારંગપુર પધારતા તેના કારણોમાં 'જ્ઞાનજી મહારાજને મળાય તે - આ જોગી શાસ્ત્રીજી મહારાજનું હૃદય હતા. ૪૯૧-૪૯૨
૯. જોગી ખરા લાગમાં આવ્યા - સ્વામીશ્રીએ યોગી મહારાજને જમાડેલો દૂધપાક. ૪૯૩-૪૯૪
૧૦. શાસ્ત્રીજી મહારાજ તથા જ્ઞાનજી સ્વામી (યોગીજી મહારાજ) મહુવામાં. ૪૯૬-૪૯૭
૧૧. મૂંઝાશો નહિ. ઠાકોરજી તમારી પૂજા અને પ્રેમના તરસ્યા છે એટલે ગમે ત્યાંથી પણ આવશે. યોગીજી મહારાજના ઠાકોરજી ચોરાઈ ગયા હતા તે સમયે શાસ્ત્રીજી મહારાજનું આશ્વાસન. ૪૯૮-૫૦૦

૧૨. જ્ઞાનજી સ્વામીના પત્રથી આશી પધારેલા સ્વામી. - અડસઠ તીરથ (શાસ્ત્રીજી મહારાજને)મારા સંતને ચરણે. ૫૦૮-૫૦૯
૧૩. સ્વરાજ માટે યોગીજી મહારાજ માળા ફેરવશે. અપાર શ્રદ્ધા શિષ્ય પ્રત્યે. ૬૦૨
૧૪. જોગી મહારાજને અક્ષર મંદિરની મહંતાઈ આપી. ૬૫૯

**૩. વિદ્વતા અને સાધુતાનો સુમેળ : શાસ્ત્રીજી મહારાજ**

૧. પુરાણી શ્વેતવૈકુંઠદાસની રમૂજથી ચલાયમાન ન થતાં અંતવૃત્તિવાળાની બહારવૃત્તિવાળાની દૃષ્ટિએ અક્ષરધામનું રહસ્ય સમજાવ્યું. આજથી હું તમારા ભેગો છું. - પુરાણી શ્વેતવૈકુંઠદાસ. ૮૭-૮૮
૨. ભગતજીએ અમને આંહી રાખ્યા છે અને જ્ઞાનોપદેશ કરે છે નહિ તો જીવનું બહુ ભૂંડું થાત - ભગતજીના સંગથી જ પાંશરું રહ્યું છે - તલગાજરડાના પટેલને ગુણ આવ્યો. ૧૨૬
૩. ડભોઈમાં પુરાણીની મૂંઝવણ જાણી સાધુતાવાળા સ્વામીએ બુદ્ધિવૂપર્વક ઉકેલ લાવવાનું નક્કી કર્યું. વાહ ! યજ્ઞપુરુષદાસ ! તેં તો આજે અંતર ઠારી દીધું. ૧૪૪-૧૪૫
૪. મહીધર શાસ્ત્રીનો પરાજય. ૧૫૨
૫. જેઠાભાઈને નિશ્ચય કરાવ્યો. ૧૫૫
૬. વિદ્વાનો અને બુદ્ધિશાળી ઘણા આવ્યા પણ મહારાજ પ્રત્યેની પરાભક્તિ અને તદ્વતભાવને પામવાની અભીપ્સા અદ્વિતીય લાગી. રંગાચાર્ય અસ્મિન સંપ્રદાયે એકમેવ ભગવદ્‌ભાવને પમાડતી વિદ્વતા અને પરાભક્તિ. ૧૫૬-૧૫૭
૭. જેની કથાથી સૌને વિશેષ સમાસ થયો હોય તેની પ્રથમ પૂજા થવી જોઈએ - સ્વામીશ્રીએ વિનયપૂર્વક ના પાડી - પ્રથમ પૂજન પુરાણી હરિદાસ તથા ગોપીનાથદાસનું કરાવ્યું. ૧૮૦-૧૮૨
૮. સ્વામીશ્રીની વિદ્વતા અને સાધુતાથી આર્કષાઈને ઊનાના હરિભક્તોએ ઊનામાં કથા કરાવવાનો સંકલ્પ કર્યો. ૧૯૮
૯. આજે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસની કથાના જેવો આનંદ મોટા મોટાની કથામાં પણ આવ્યો નથી. હીરાચંદ શેઠ - ઊના ૨૦૨
૧૦. મોડજી દરબારનો પત્ર યજ્ઞપુરુષદાસજીની વિદ્વતા બાબતે. - વિદ્વતામાં યજ્ઞપુરુષદાસજી અજોડ છે. ૨૦૪
૧૧. તમારી પાસે શાંતિ અને આનંદ દેખાય છે - તમારી વાતો સાંભળતા સંતો અને હરિભક્તોના મુખ પર બ્રહ્માનંદ દેખાય છે - દ્રવિડ શાસ્ત્રી કમલનયન. ૨૦૫-૨૦૬
૧૨. આ સ્વામી બહુ જ વિદ્વાન અને સાધુતાના તમામ ગુણોવાળા છે - ગોપાળલાલ - આપે કૃપા કરી આવા પુરુષનાં દર્શન કરાવ્યાં - મંદિર માટે જમીન મેળવવા ચાલીસ ગાઉ ચાલીને પોતે પધાર્યાં તેમની ભક્તિ જોઈને મને બહુ આનંદ થયો - રંગીલદાસ. ૨૦૮
૧૩. સ્વામીશ્રીની વિદ્વતા અને હરિભક્તોને વાતો કરી સંતોષ પમાડવાની રીત વગેરે જોઈ કોઠારીએ સારંગપુરની મહંતાઈ આપી. ૨૦૯
૧૪. સ્વામીશ્રીની વિદ્વતાથી વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, વિદ્વાનો અને કવિઓ સારંગપુરના માર્ગે. ૨૧૮
૧૫. વડોદરામાં દ્વેષીઓની ઉપાધિ - ફરિયાદ કરવાનો ઈન્કાર - ફોજદારને સ્વામીશ્રીની સાધુતાનો ગુણ. ૨૨૫-૨૨૭
૧૬. સ્વામીશ્રીની સૌમ્ય તેજસ્વી મૂર્તિ અને ધર્મ, નિયમ, ઉપાસના, ભક્તિ વગેરેનું નિરૂપણ સાંભળી આશાભાઈ અને ઈશ્વરભાઈ સ્વામીશ્રીના શરણે. ૨૩૬-૨૩૭
૧૭. 'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે' એમ સમજીશું તો શ્રીજીમહારાજ આપણને આંચ આવવા નહિ દે. - સ્વામીશ્રી કોઠારી ગોરધનભાઈને. ૨૩૮-૨૩૯
૧૮. 'શ્રીજીની ઈચ્છાનુસાર આપણે રાજી રહેવું' નવા મહંત ગોપાળચરણદાસને સ્વામીશ્રી. ૨૪૨
૧૯. આ સાધુ દ્વારા મહારાજ સત્સંગમાં પ્રગટ છે - બોચાસણના હરિભક્તો. ૨૫૦
૨૦. વચનામૃત તો બીજા સદ્‌ગુરુઓ પણ વંચાવે છે, પણ આવી વિક્તિએ સહિત શુદ્ધ સિદ્ધાંતની સમજણ હજુ સુધી કોઈએ આપી નથી. - રામચંદ્ર ઠાકરને સ્વામીશ્રીનો ગુણ. ૨૬૯
૨૧. બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો સર્વ પ્રકારે ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજુ સુધી કોઈ દીઠો નથી. સ્વામીશ્રીની વાતો સાંભળવા બેઠેલા કોઠારી ગોવર્ધનભાઈ. ૨૭૦
૨૨. 'આપણે તો સાધુનો માર્ગ છે એટલે અપમાન, તિરસ્કાર સહન કરવા અને સત્સંગ કરાવવો.' - સ્વામીશ્રી વરતાલ મંદિર છોડતાં પહેલાં પોલીસ પટેલ કિશોરભાઈને વાત. ૨૮૩
૨૩. આખા સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો વિદ્વતામાં, સાધુતામાં જોટો નથી. ૩૦૪
૨૪. ઝીંઝરના દરબાર રાણાભાઈને વચનામૃતના આધારે સિધ્ધાંત સમજાવ્યો ને વર્તનથી સાધુતા જોઈ. ૩૮૪

૨૫. સ્વામીશ્રીનું ચોસઠપદી પરના નિરૂપણમાં વિદ્વાન નર્મદાશંકરને સ્વામીશ્રીની વિદ્વતા અને સાધુતાના દર્શન થયાં. ૩૧૩
૨૬. લોટો માર્યો છતાં સાધુતા રાખી. ૩૮૭
૨૭. વચનામૃત વંચાવીને જ મને તેમની વાત સાચી મનાવી દીધી છે. જો તેમની વાત ખોટી હોય તો તે ભાવનાં વચનામૃત કઢાવીને મને સમજાવો. - મુક્તરાજ કુબેરભાઈ. ૪૦૩

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. અક્ષર મંદિરની સંપાદિત કરેલ જમીનનો ઈતિહાસ**

૧. જમીનનું નક્કી કરી સારંગપુર આવતાં સેંથળી ગામે મોટર નદીમાં ફસાઈ ગઈ. ૬૦૮
૨. ભરૂચમાં નારાયણજી મહારાજે હરિભાઈ અમીનને નિયમની એકાદશીએ અક્ષર મંદિરની જમીન લઈ આપવાનો નિયમ આપ્યો. ૬૦૯
૩. અંતર્યામી સ્વામીશ્રીએ સોમા ભગતને સામે મોકલ્યા. ૬૦૯
૪. હરિભાઈએ જમીનની કિંમત બે લાખ કહી ત્યારે અંતર્યામી સ્વામીશ્રીએ તેના પચ્ચીસ હજાર કહ્યા. ૬૦૯
૫. સ્વામીશ્રીએ અક્ષરદેરીનો કહેલો મહિમા - ગોંડલ નરેશ ભગવતસિંહજીની શરતો. ૬૧૦
૬. જેતલસર જંકશને હરિભાઈને થયેલા ગુણાતીતાનંદ સ્વામીના દર્શન ૬૧૦
૭. ગુણાતીતાનંદ સ્વામી અને સ્વામીશ્રીના એક સરખા જ શબ્દોથી હરિભાઈને થયેલી ખાતરી ૬૧૦

**૨. ડાંગરામાં જાગા સ્વામીનો મંદવાડ અને સ્વામીશ્રીએ કરેલી સેવા**

૧. પૂર્વભૂમિકા
૨. બોટાદમાં જાગાસ્વામીનો અંતિમ માંદગીનો તાર મળ્યો. ૨૧૩
૩. સ્વામી મહા સુદી સાતમની રાત્રે ૧૧-૦૦ વાગે ડાંગરા. ૨૧૪
૪. આ લોકમાં અમારું કામ હતું તે પૂરું થયું છે માટે મહારાજ અને સ્વામી તમારી મદદમાં ભળી તમને સુખિયા કરશે.- બે દિવસ સેવાનો લાભ. ૨૧૪
૫. મહા સુદી દશમની રાત્રે સ્વામી જાગાભક્તનો અક્ષરવાસ - અંતિમ ક્રિયા. ૨૧૫

**૩. સારંગપુરના મંદિર નિર્માણ પહેલાં શાસ્ત્રીજી મહારાજે કરાવેલું ઐશ્વર્ય દર્શન**

૧. અહીં ત્રણ શિખરનું મંદિર મને દેખાય છે. ૨૧૧
૨. સારંગપુરમાં મંદિર કરવાનો સંકલ્પ. અમે આજ મોટા મંદિરનું ખાત કરીએ છીએ. ૩૪૮
૩. મોતીભાઈ સારંગપુરમાં મંદિર કરવું છે તેનું કીર્તન બનાવો. ૩૪૯
૪. સારંગપુરમાં મોટા મંદિરના પગરણ - સારંગપુરના હરિભક્તોની પ્રાર્થના. ૩૫૬
૫. સારંગપુરમાં પીઠાખાચરના ઓરડાની ખરીદી ઝવેરલાલ, ભૂધરભાઈ, રામચંદ્રભાઈ વગેરેએ મળીને કરી. ૩૫૭
૬. લીમડીના દિવાન સાહેબનો જમીન ખરીદીમાં સહકાર. ૩૫૮
૭. સારંગપુરમાં સત્‌યુગ. ૩૭૦
૮. પીઠાખાચરના ઓરડામાં પટમૂર્તિની પ્રતિષ્ઠા - એક મણના કંસારમાંથી આખું ગામ જમાડ્યું. ૩૭૩
૯. અહીં તો સર્વોપરી મંદિર થશે અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરમાં બિરાજશે - કોઠારી પ્રભુદાસ ૩૭૪
૧૦. સારંગપુરનો ભંડાર કરવા કોઈ જવા તૈયાર થાય તેને નારાયણ મુનિ જેવા નિષ્કામી કરી દઉં - શા.મ. ૩૭૬
૧૧. સ્વામીશ્રીની આજ્ઞાથી હરિકૃષ્ણદાસ સ્વામી ભંડારો કરવા તૈયાર થયા - કાળુભાને શ્રીજીમહારાજે દર્શન દીધાં. ૩૭૬-૩૭૭
૧૨. આવી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે - શાસ્ત્રીજી મહારાજ - કાળીદાસ માવજી અને મોહનભાઈ માવજી જોઈતી તમામ વસ્તુઓ લાવી દેતા - કુંવરજી અને વાલા ભક્ત રોજ કડિયાકામે આવતા. ૩૮૨
૧૩. આપણે તો મહારાજ- સ્વામીની ઈચ્છાથી આ મંદિર કરીએ છીએ. કોઈ જાતનું મમત્વ નથી.- શા.મ. ૩૮૩
૧૪. ઝીંઝરના દરબાર રાણાભાઈ શુષ્ક સત્સંગી મટી શુદ્ધ સત્સંગી થાય છે. ૩૮૩
૧૫. સાંખેજના ભૂલાભાઈના આગ્રહથી ગુજરાતના હરિભક્તોનો ખરડો કરાવ્યો. રૂા. ૨૮,૦૦૦નો ખરડો થયો. ૩૮૫
૧૬. સારંગપુર મંદિરની લખણી છગનભાઈનું નામ લખી રૂા. ૩૫ની રકમ લખી. ૪૦૦-૪૦૧
૧૭. સારંગપુર મંદિરમાં ભાવનગરના કુબેરભાઈનું વિજ્ઞાનદાસ સ્વામીની વાતોથી પરિવર્તન. ૪૦૧-૪૦૩

૧૮. બ્રહ્મચારી મહારાજ ! હવે કાંઈક જ્ઞાનની વાતો કરો તો અહીં આવ્યું સાર્થક થાય - કુબેરભાઈ મુનિશ્વરદાસને.૪૦૪
૧૯. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. ૪૨૫

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ :૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **આજે સો સો વર્ષોનાં વહાણાં વહી ગયાં (૫૭૩) પ્રસંગ :** ગઢપુરના શતવાર્ષિક પાટોત્સવ વખતે લક્ષ્મીવાડીએ જમતી વખતે આશાભાઈ, મોતીભાઈ તથા કેશવલાલે વાત કરી ‘આજે સમૈયામાં તમામ સંતો, સદ્‌ગુરુઓ, હરિભક્તો સ્વામીશ્રીની મૂર્તિમાં ખેંચાઈ ગયા. આમ, મહારાજે પોતાનું પ્રગટપણું બતાવ્યું. વળી પોતાના પ્રગટપણાની સૌને પ્રતીતિ કરાવવા, ગંગાજળિયામાં મહારાજ સૌને હજુ દર્શન દે છે.’ ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : ‘તમે દર્શન કર્યા ?’ એટલે રામચંદ્રભાઈએ કહ્યું : ‘અમારે તો સાક્ષાત્ દર્શન થાય છે એટલે એ કૂવામાં ડોકિયું કરવા ક્યાં જઈએ ?’ ત્યારે કોઈકે કહ્યું : ‘આજે સો સો વર્ષોનાં વહાણાં વહી ગયાં’ એ કીર્તન સાંભળીને આખી સભા રડી. ત્યારે સ્વામીશ્રી પીરસતાં હતા તે ઊભા રહી ગયા અને બોલ્યા ‘એ બધા મહારાજને ગયા જાણે છે, પણ મહારાજ આજ પ્રગટ જ છે એ સ્વરૂપની ઓળખાણ નથી એટલે અજ્ઞાનમાં અટવાય છે અને રડે છે.’ આ શબ્દો દિવ્યભાવના, સ્વરૂપનિષ્ઠાના, ભગવાન પુરુષોત્તમના હતા. સ્વામીશ્રીમાં જ અખંડ રહી ભગવાન પુરુષોત્તમ ક્રિયા કરતા હતા, બોલતા હતા, જોતા હતા, દર્શન દેતા હતા.

**મનન :** આ પ્રસંગે શ્રીજીમહારાજે સ્વયં પોતાની ઓળખાણ સૌને કરાવી. જેનામાં જેટલી પાત્રતા હોય તેટલું તે સમજી શકે અને તેનો આનંદ પણ લઈ શકે. ગુણાતીત સંત દ્વારે શ્રીજીમહારાજ પ્રગટ જ છે.

૨. **છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાના (૩૩૦) પ્રસંગ :** સ્વામી મહાપુરુષદાસજીને વર્તમાનકાળે મહારાજને અંગોઅંગ ધારણ કરનાર અને ભગતજી મહારાજનું પ્રત્યક્ષ સ્વરૂપ સ્વામીશ્રી છે. તે રુચતું નહિ. આ સંશયવૃત્તિનું નિવારણ કરવા એક દિવસ પારાયણના પ્રસંગ દરમિયાન સ્વામીશ્રી કથા વાંચતા હતા. ત્યારે ઊભા થઈને સ્વામીશ્રીને પંખો નાખવા લાગ્યા અને મનમાં સંકલ્પ કર્યો કે ‘જો સ્વામીશ્રી સાચે જ ભગતજીનું સ્વરૂપ હશે તો મને પંખો નાખવા દેશે અને નહિ તો હમણાં બંધ કરાવી દેશે. સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ જાણ્યો અને તેમના તરફ સ્મિત કરી, કથા પૂરી થઈ ત્યાં સુધી પંખો નાખવા દીધો. આથી તેમને નિશ્ચય થઈ ગયો કે ‘ભગતજી મહારાજ સ્વામીશ્રી દ્વારા પ્રગટ જ છે.’ સાંજની સભામાં પગે ઘૂઘરા બાંધી, સભામાં ‘છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાના’ એવા ચાર પદ સ્વામીશ્રીને સંબોધીને પોતે બનાવ્યાં અને સભામાં સ્વામીશ્રી સમક્ષ હર્ષ અને પ્રેમના આવેગથી તેમણે ગાયા. આમ, સ્વામીશ્રીના સ્વરૂપની સ્પષ્ટ સમજણ તેણે સૌને કરાવી.

**મનન :** સ્વામીશ્રી સાચે જ ભગતજીનું સ્વરૂપ હતા માટે તેમણે મહાપુરુષદાસજીનો સંકલ્પ પૂરો કર્યો. મહાપુરુષદાસજીએ પણ સ્વામીશ્રીના સાચા સ્વરૂપની ઓળખાણ થતાં જ સૌને તે ઓળખ કરાવી.

૩. **સેવો નહિ ખીચડી લાવો. (૫૧૫-૫૧૬) પ્રસંગ :** સંવત ૧૯૮૦ના માગશર માસમાં સ્વામીશ્રી અમદાવાદમાં કાનજીભાઈ ચૌહાણના ઘેર ઊતર્યા - સ્વામીશ્રી જમીને જ સારંગપુર જવા માટે નીકળે તેવો જેઠીબાનો સંકલ્પ - સ્વામીશ્રીએ તેમના પુત્ર ખેંગારજીભાઈને બોલાવી ખીચડીનું સીધું લાવવાનું કહ્યું ત્યારે ખેંગારજીભાઈએ સેવો લાવવાનો જ રાખેલો આગ્રહ - ત્યારે આકરા થયેલા સ્વામીશ્રીએ કહ્યું : ‘ઘરમાં ઘી અને ખાંડ છે કે નહિ તે જો તો ખરો ?’ ખેંગારજીભાઈએ જઈને માતૃશ્રીને વાત કરી - વ્યવહારિક મુશ્કેલીઓમાં સ્વામીશ્રી કેવી રીતે સાચવે છે ? તેનો અનુભવ કર્યો ? જેઠીબાએ તો સગવડ કરીને સ્વામીશ્રીને સેવો જમાડીને પોતાનો સંકલ્પ પુરો કર્યો.

**મનન :** હરિભક્તો માથા આપીને પણ સંસ્થા અને સ્વામીશ્રીની સેવા કરતા સામે સ્વામીશ્રી પણ હરિભક્તોના યોગક્ષેમના વાહક બની રક્ષા કરતા. તેમની લાજ જાળવી રાખતા.

૪. **કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. (૨૩૪-૨૩૫) પ્રસંગ :** સાધી ગામના રામાનંદી સંપ્રદાયમાંથી સત્સંગમાં ભળેલા બે સત્સંગી આશાભાઈ અને ઈશ્વરભાઈ તીવ્ર મુમુક્ષુતાથી અને સેવાભાવથી અગ્રગણ્ય ગણાવા લાગ્યા. આશાભાઈ દર પૂનમે ડાકોર રણછોડરાયના દર્શને જતા. ઘેર હોય ત્યારે પણ રોજ મંદિરે જવાનો નિયમ તેમને હતો. એક દિવસ પૂજારી તરીકે રાખેલા ચોબાની સ્ત્રીઓ સાથેની વર્તણૂક

તેમણે જોઈને મનમાં ગ્લાનિ થઈ : 'જ્યાં શુદ્ધ ધર્મનિયમ નથી, ત્યાં કલ્યાણ શી રીતે થાય ?' એમ માનતા, કેવળ કલ્યાણના ખપવાળા આ ભક્તરાજને તે જ રાત્રે સ્વપ્નમાં રણછોડરાયે દર્શન દીધાં ને કહ્યું : 'કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. આજે સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ વિચરે છે.' સવારના જાગીને સૌને સ્વપ્નની વાત રકહી. તે સમયે ગામમાં સ્વામિનારાયણના સંતો પધાર્યા હતા. તેમનાં દર્શને મંદિરમાં જવા લાગ્યા. વળી ત્યાંના હરિભક્તો, સંતોને રસોઈ આપતા સાથે આશાભાઈ અને ઈશ્વરભાઈના પરિવારને પણ જમવાનું આમંત્રણ આપતા. એક દિવસ પોતે પણ સંતોને રસોઈ આપવાનો વિચાર કર્યો. પરંતુ સંતોએ કહ્યું : 'તમો વર્તમાન ધરાવો તો તમારી રસોઈ અમો લઈએ.' એટલે તેમણે મંડળના મોટેરા ધર્મનંદનદાસ પાસે વર્તમાન ધરાવ્યા. પછી સંતોને રસોઈ આપી ધોતિયાં ઓઢાડ્યાં. આ પ્રમાણે બંને પૂર્વના મહામુક્તોએ સત્સંગમાં પ્રવેશ કર્યો. **મનન :** જેને કલ્યાણ જ જોઈતું હોય તેને ભગવાન પોતાનું પ્રગટ સ્વરૂપ ઓળખાવી તેના આશ્રિત કરીને કલ્યાણ કરે છે.

૫. **લોટો ફેંકવાનું ફળ (૩૮૯-૩૯૦) પ્રસંગ :** અમદાવાદમાં નરનારાયણ મંદિરમાં સ્વામીશ્રી દર્શને ગયા હતા. ત્યારે બ્રહ્મચારીએ સ્વામીશ્રી તરફ છૂટો લોટો ફેંક્યો. લોટો સ્વામીશ્રીના બદલે મોતીભાઈને વાગ્યો. સ્વામીશ્રી ફરી જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે બધાયે નરનારાયણ મંદિરે દર્શને જવાની ના પાડી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'માયા હવે દબાઈ ગઈ છે.' એમ કહીને દર્શને ગયા. ત્યારે તમામ સંતો-પાર્ષદોએ તેમની પાસે આવીને માફી માગતાં કહ્યું : 'અમારો અપરાધ ક્ષમા કરો ! અમારી ભૂલ થઈ જેથી આપ જેવા સંતનો દ્રોહ થઈ ગયો.' ત્યાંથી સ્વામીશ્રીને સભાખંડમાં લઈ ગયા અને વાત કરતાં કહ્યું : 'લોટો મારનાર બ્રહ્મચારી તે જ દિવસથી અસહ્ય બળતરાથી પીડાય છે. ઘણી દવા કરી પણ આખા શરીરે ઊપડેલી બળતરા મટતી ન હતી. રાત-દિવસ અસહ્ય વેદનાથી બૂમો પાડે છે.' સ્વામીશ્રી તરત જ તેમના આસને ગયા. બ્રહ્મચારીએ દંડવત્ કરીને પ્રાર્થના કરતાં કહ્યું: 'મારો અપરાધ ક્ષમા કરો અને આ બળતરા મટાડો.' સ્વામીશ્રીની દૃષ્ટિથી જ અરધું દુઃખ શાંત થઈ ગયું. સ્વામીશ્રીએ તેના આખે શરીરે હાથ ફેરવી કહ્યું : 'મહારાજ હવે મટાડી દેશે.' બે ત્રણ દિવસમાં બ્રહ્મચારીને શાંતિ થઈ ગઈ. **મનન :** મહારાજે ગ.મ.૬૦માં 'કોઈક ભગવાનના ભક્તને ત્યાં દયા રહેતી નથી. ભગવાનના સંતનો દ્રોહ કર્યો તો ભગવાને દ્રોહનું ફળ આપ્યું છતાં અત્યંત દયાળુ આવા સંતે તેના પર અનહદ કૃપા કરી તેની બળતરા મટાડી કૃત્યનું ફળ આપ્યું.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. ગોરધનદાસ કોઠારી**

| | | |
|---|---|---|
| ૧. | ભીમજી કોઠારીથી સારંગપુરનો વહીવટ અલગ કરી સ્વામીશ્રીને સ્વતંત્ર સત્તા આપી. | ૨૦૯ |
| ૨. | ભીમજી કોઠારીએ સ્વામીશ્રી વિરુદ્ધ નિર્ણય કરાવવા વરતાલ સમૈયામાં ગયા. ત્યારે કોઠારી જૂનાગઢ રોકાઈ ગયા. તેમની ગેરહાજરીને કારણે કોઈ નિર્ણય ન લેવાયો. | ૨૨૯ |
| ૩. | ત્યાગીવર્ગ તરફથી તમને ઉપાધિ ઘણી જ થશે એમ મને લાગે છે. કોઠારીએ કહેલા હિતનાં વચન. | ૨૩૮ |
| ૪. | ભેખધારી કોશ અને કોદાળો લઈ તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે.- કોઠારીનો સ્વામીશ્રી પ્રત્યેનો ભાવ. | ૨૩૯ |
| ૫. | શાસ્ત્રીજી મહારાજ માટે સત્ય વાત માટે કોઠારી કહેતા. વરતાલના બે હજાર સાધુમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજુ સુધી કોઈ દીઠો નથી. તેની વાતો મને સાકરના કટકા લાગે છે. | ૨૭૦ |
| ૬. | શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માટે તમે શું કરશો ? - કોઠારીએ હીરાભાઈને કરેલો પ્રશ્ન. તેમના જવાબથી કોઠારીને અતિશય શાંતિ. | ૩૧૧ |
| ૭. | મૂર્તિઓ પધરાવી છે તે કબૂલ રાખે તો સમાધાન કર્યું કહેવાય. - સમાધાનમાં મૂર્તિઓ વિશે પૂછે તો શું કહેવું ? શાસ્ત્રીજી મહારાજના પ્રશ્નનો જવાબ. | ૪૭૪ |

**વ્યક્તિત્વઃ** વ્યક્તિને ઓળખી તેની આવડતનો ઉપયોગ સંસ્થાના વિકાસમાં કરવાની કુનેહ - ખોટા વિચારો અને ઠરાવોને મદદ ન કરવી તેને કારણે બીજા ખોટા વિવાદો ઊભા ન થાય તે રીતે કાર્ય કરવું. - સાચી વ્યક્તિની રક્ષા થાય તે માટે તેનું હિત થાય તે રીતે કાર્ય કરવાની સલાહ આપવી. - સિદ્ધાંતની બાબતમાં કોઈપણ રીતે બાંધછોડ ન કરવાનું વલણ.

૨. **કૃષ્ણજી અદા**

૧. શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મંદિરમાં ન જ રહેવા દેવા. તેવા ખરડામાં ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હિમરાજભાઈએ સહી કરી તો સંબંધ સદાને માટે કાપી નાખ્યો. ૧૭૨

૨. શિક્ષાપત્રીમાં દેશકાળ અનુસાર વર્તવાની મહારાજે રીત બતાવી છે. - વરતાલ છોડતી વખતે સ્વામીશ્રીને ૨૭૯

૩. 'આપ બોલ્યા તે સાક્ષાત્ ભગતજી બોલ્યા તેમ હું જાણું છું માટે આપની ઈચ્છા પ્રમાણે કરીશ.' શા.મ. ૨૮૦

૪. બોચાસણમાં સ્વામીની વાતોનું પારાયણ અદાશ્રીની ઈચ્છાથી ગોઠવાયું. ૩૩૫

૫. આણંદમાં દસ દિવસ સુધી કથાવાર્તાનું આપેલું સુખ - ગોવિંદ ભગતની સેવાથી રાજી - શુદ્ધ જ્ઞાનના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ પર રાજીપો. ૩૩૭-૩૩૮

૬. સંવત ૧૯૬૬માં ઝીણા ભક્તને થયેલો અદાશ્રીનો મેળાપ - અદાશ્રીએ કરાવેલો શા.મ. સાથે મેળાપ. ૩૫૪

૭. જૂનાગઢથી બહાર નીકળેલા સાધુને કૃષ્ણજી અદાએ પોતાને ઘેર ઉતારો આપ્યો. ૩૬૭

૮. રાજકોટ મંદિરમાં દર્શને આવવાની બંધી ૩૬૯-૩૭૦

૯. સાત દિવસની પારાયણ - સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો.- આપણે ભેગા ચાલશું.- ૩૯૦-૩૯૫

**વ્યક્તિત્વ :** ગુણાતીત જ્ઞાનના પ્રવર્તક - સાચાનો સાથ આપનાર - અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તન માટે સદાય પ્રયત્નશીલ - સત્સંગમાં નાનામાં નાના થઈને રહેવાનો ઉપદેશ આપનાર -

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. શ્રીજીમહારાજે પૃથ્વીને વિષે કયા પાંચ પગ રોપ્યા છે ? (૧૬/૧૦૫)**

જ. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એ પાંચ પગ રોપ્યા છે.

**૨. મોટાસાધુનો હૃદયગત અભિપ્રાય ક્યારે જણાય ? (૨૫/૧૧૦)**

જ. એક કલ્પ સુધી જો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા ક્રિપાનંદ સ્વામી એવાને સેવીએ ત્યારે મોટાસાધુનો હૃદયગત અભિપ્રાય જણાય.

**૩. સ્વામીએ ત્રીજું ફૂલ કોને આપ્યું ? (૧૯/૧૦૭)**

જ. સ્વામીએ ત્રીજું ફૂલ અચિત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું.

**૪. બુદ્ધિયોગ તે શું ? (૩૨/૧૧૩-૧૧૪)**

જ. બુદ્ધિને વિષે ભગવાન રાજી થાય તેવું જ્ઞાન.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. પુરુષોત્તમને કેવી રીતે જાણવા ? અને બ્રહ્મરૂપ કેમ થવાય ? (૧૨/૧૦૧-૧૦૨)**

જ. સ્વામીએ કહ્યું છે કે મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારનાં અવતારી, સર્વ કારણના કારણ છે. આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. મહારાજ પોતે પુરુષોત્તમ જ છે એમ જાણવું. આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે ત્યારે બ્રહ્મરૂપ થવાય.

**૨. શ્રીજીમહારાજ સો કરોડ મનવારો કેવી રીતે ભરશે ? (૧/૯૫)**

જ. શ્રીજીમહારાજ સો કરોડ મનવારોમાં પ્રથમ ચિંતામણિયું. પારસમણિ, હીરા, મોતી, દાગીના, સોનામહોરો, રાળ, રૂપિયા ને કોરિયું ને પછી છેલી બાકી ગારો ભરીને પૂરણી કરશે.

**૩. સ્વરૂપાનંદ સ્વામી કઈ રીતે આજ્ઞા પાળતા ? (૭/૯૮-૯૯)**

જ. જે, ક્રિયા કરવાને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ જ દેખાય. ત્યારે મહારાજે પૂછ્યું જે, પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય એ સર્વેને માન્યામાં આવતું નથી.' ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનો કરીએ ને તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

| |
|---|
| **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.** |

૧. **વાદી, ફૂલવાદી અને ગારડી (૫/૯૭)**

**દૃષ્ટાંતઃ** વાદી, ફૂલવાદી ને ગારડી; તેમાં વાદી હોય તે ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે.

**સિદ્ધાંતઃ** દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે; ને રામચંદ્રને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે; ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે.

૨. **મનુષ્ય તો લીંબડી કે નીચે દેખ્યા હૈ. (૮/૯૯)**

**દૃષ્ટાંત :** શ્રીજીમહારાજે પૂછ્યું : જે, દેશમાં મનુષ્ય કેવા છે?' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી ધીરા રહીને બોલ્યા જે, 'હે મહારાજ ! મનુષ્ય તો લીંબડી કે નીચે દેખ્યા હે ને બીજે મનુષ્ય તો દીઠા જ નહિ.

**સિદ્ધાંત :** અહીં સ્વામી સંબંધનો મહિમા સમજાવે છે. શ્રીજીમહારાજ લીંબડીની નીચે બેઠા છે. ત્યાં જે મનુષ્ય બેઠા છે. તે ખરેખર કુશાગ્ર બુદ્ધિવાળા છે. જે પ્રગટ ભગવાનને ઓળખી લીધા છે. બીજે મનુષ્ય છે પણ પોતાના સમયમાં રહેલા પ્રગટ ભગવાનને ઓળખી શક્યા નથી. માટે જેમ યાદવો અભાગિયા હતા. તેમ આ મનુષ્ય હોવા છતાં મનુષ્ય નથી.

૩. **બાવના ચંદનનું લાકડું (૩૦/૧૧૨-૧૧૩) દૃષ્ટાંત :** આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે? પછી સર્વેએ કહ્યું જે, આ ગામમાં તો કઠિયારા રહે છે. પછી શાહુકારે ત્યાં જઈને બાળતાં થોડુંક રહ્યું હતું તે લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું. એણે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમાં ગયો.

**સિદ્ધાંત :** જેને વસ્તુની ઓળખ નથી. તે વસ્તુને ગમે તેમ વાપરે છે. કિંમતી વસ્તુનો દુરઉપયોગ કરે છે. તેમ આપણને પણ મનુષ્ય દેહની દુર્લભતા અને તેનાથી શું પ્રાપ્ત કરવાનું છે. તે ખબર ન હોવાથી દેહ, સગાંસંબંધી, લોક, ભોગની પાછળ વેડફી દઈએ છીએ.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

| |
|---|
| **નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણના અને ૧ ગુણ સમજૂતિના આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.** |

૧. **ઝીણાં વસ્ત્ર પહેરવાની તથા બાઈઓની સભામાં વાતો કરવાની શ્રીજીમહારાજની ના હોવા છતાં રવજી સુથારે તે પ્રમાણે કર્યું તો શ્રીજીમહારાજનો રાજીપો રહ્યો નહીં. (૩૨/૧૧૪)**

**પ્રમાણ :** ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને ભગવાનની આજ્ઞા લોપવી નહિ અને આપણને ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વિના બીજે સુખ ઈચ્છવું નહિ ને ખરેખરા ભગવાનના સાધુ હોય તેનો સંગ રાખવો, તો તેની ઉપર ભગવાન ને મોટા સાધુ નિરંતર રાજી રહે, એમાં કાંઈ સંશય નથી.

**સમજૂતિ :** 'કહા કહું છબી આપ કી ભલે બિરાજો નાથ, તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ્ય બાણ લીયો હાથ.' આપણને મળેલ ભગવાનના પ્રગટ સ્વરૂપ વિના બીજે ક્યાંય સુખ ઈચ્છવું નહિ. અને ભગવાનને નિરંતર રાજી રાખવા માટે ભગવાનની આજ્ઞા લોપવી નહિ.

**૨. યાદવો અજ્ઞાની કહેવાયા (૨૯/૧૧૨)**

**પ્રમાણ :** ચંદ્રમાનું પ્રતિબિંબ જળમાં પડે છે ત્યારે તેને જોઈને માછલું રાજી થાય છે ને એમ જાણે જે, 'આ પણ આપણા જેવું માછલું છે,' પણ જેવો ચંદ્રમા છે ને જેવું તેનું મંડળ છે ને જેવું તેમાં તેજ છે ને જેવું તેનું ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને માછલું જાણી શકતું નથી. તથા જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે, આ આપણા જેવો મચ્છ છે તે ચાલ્યો જાય છે, પણ વહાણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો-કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે, તેને જાણી શકતો નથી.

**સમજૂતિ :** પાણીમાં રહેતી માછલી ચંદ્રમાનો અને મગર વહાણનો મહિમા જાણી શકતો નથી. તેમ યાદવો ભગવાનની ભેગા રહ્યા પણ ભગવાનને જાણી ન શક્યા. અને પોતાના જેવા જ સામાન્ય યાદવ જાણ્યા માટે યાદવો અજ્ઞાની કહેવાયા. ભગવાન અને સંતનું સ્વરૂપ, ઐશ્વર્ય, સ્વભાવ, ગુણ અને સામર્થી ભગવાન સાથે રહે તો પણ જાણી ન શકે તે યાદવો જેવા અજ્ઞાની છે.

**૩. ફૂટપાથ પર પડ્યો રહેતો હોય તે ફ્રિજ ક્યાં મૂકે ? (૧૩/૧૦૩)**

**પ્રમાણ :** આ મંદિર સારું મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે કહ્યું જે, 'કેવી મૂર્તિયું કાઢી આપું ? ત્યારે સાધુએ કહ્યું : આ નકશા પ્રમાણે કાઢી આપો.' ત્યારે તે સલાટે કહ્યું જે, 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે.' ત્યારે સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિયું લેવા આવ્યા છીએ.' ત્યારે કહે જે, 'તો કાઢી આપું.'

**સમજૂતિ :** જેવું મંદિર હોય તેવી મૂર્તિઓ હોય. નાનું મંદિર હોય અને મોટી મૂર્તિઓ લાવે તો તે ક્યાં મૂકાય? તેમ જે ફૂટપાથ પર રહેતો હોય તે ફ્રિજ લાવે તો તે ક્યાં મૂકવાનો હતો. તેમ આપણે હૃદયમાં ભગવાન પધરાવવા હોય તો તે પ્રમાણે હૃદય શુદ્ધ કરવું પડે.

**૪. શરીર માટે ઘણી બધી વસ્તુઓ ઉપયોગી હોઈ શકે પરંતુ હવા, પાણી, ખોરાક અને ઊંઘ અનિવાર્ય છે. (૧૭/૧૦૫)**

**પ્રમાણ :** ચાર વાતું છે તે તો જીવનું જીવન છે. તે શું ? તો એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા ને ત્રીજી મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું, એ ચાર વાતું તો જીવનું જીવન છે, તેને તો મૂકવી જ નહિ.

**સમજૂતિ :** જેમ શરીર માટે સૌથી અગત્યની વસ્તુ હવા, પાણી, ખોરાક અને ઊંઘ છે. જેમ દેહનું જીવન આ ચાર વાત છે તેમ આજ્ઞા, ઉપાસના, એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદયપણું આ ચાર વાતો જીવનું જીવન છે. માટે તેને મૂકવી નહિ.

❑ ❑ ❑